**ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,**

**મધ્ય ગુજરાત વિજ કંપની લિમિટેડ,**

**પાંચમો માળ, સરદાર પટેલ વિદ્યુત ભવન, રેસકોર્સ, વડોદરા – ૩૯૦ ૦૦૭.**

**સમક્ષ**

**કેસ નં. એમ.જી. III-૮૯-૨૦૧૪-૧૫**

અરજદાર: શ્રી રાજેશ બચુભાઇ યાદવ,
૧૦૬, સરદાર ઉદ્યોગનગર, વિભાગ-૨,
આજવા રોડ, વડોદરા,

રજુઆત કરનાર: શ્રી રાજેશ બચુભાઇ યાદવ જાતે

સામાવાળા: નાયબ ઇજનેરશ્રી,
મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ,
સરદાર એસ્ટેટ પેટા-વિભાગીય કચેરી,
. વડોદરા.

રજુઆત કરનાર:શ્રી ડી.સી.કૌશિક, નાયબ ઇજનેર, એમજીવીસીએલ, સરદાર એસ્ટેટ પેટા-વિભાગીય કચેરી.

ફરિયાદીની તા. ૧૪.૧૧.૨૦૧૪ની હંગામી કનેક્શન બીનશરતી બંધ કરવા માટેની ફરિયાદ.

ફરિયાદીની ફરિયાદ ગ્રાહક ફોરમ સમક્ષ તા. ૨૮.૧૧.૧૪ ના રોજ સાંભળવામાં આવી જેમાં ફરિયાદી તરફે શ્રી રાજેશભાઇ બચુભાઇ યાદવ જાતે તથા સામાવાળા એમ.જી.વી.સી.એલ. તરફે શ્રી ડી. સી. કૌશિક; ડી.ઇ. સરદાર એસ્ટેટ વડોદરાના હાજર રહ્યા. બન્ને પક્ષકારોને સાંભળ્યા.

ફરિયાદની ટૂંકમાં વિગત એવી છે કે,

૧. મોજે સવાદ સીમમાં રે.સર્વે નં. ૨૫૨; ટી.પી.સ્કીમ નં. ૫ મા ફાઇનલ પ્લોટ નં. ૧૨૮, દયાલ નગર કો.ઓ. સો.લી. માં હંગામી વિદ્યુત કનેક્શન આપેલ છે.

૨. ફરિયાદીનો કેસ હગામી વિદ્યુત કનેક્શન મેળવનાર (૧) સુનીલ અર્જુન પારવાણી, (૨) અમર અર્જુન પારવાણી અને (૩) અર્જુન છતારામ પારવાણી સામે સીવીલ કોર્ટ, વડોદરામા રે.મુ.નં. ૯૯૮/૨૦૫ થી ચાલે છે. જેમાં નામદાર સીવીલ કોર્ટે ફરિયાદીના લાભમાં વચગાળાનો મનાઇ હુકમ આપેલ છે..

૩. સવાલવાળી જગ્યામાં શ્રી પીતામ્બરદાસ સીતલાણીનુ વિદ્યુત જોડાણ-૨૦૧૪ સુધી ચાલુ છે. સીંગલ ફેસમાં રેસીડેન્શિયલ કનેક્શનમાં કોમર્શિયલ વપરાશ કરેલ છે. પ્રથમ માલિક તારાબેન નંદલાલ બજાજે તા. ૨૦.૧૧.૭૯ થી વીજ કનેક્શન મેળવેલ નથી. ત્યારબાદ બીજા માલિક બનનાર શ્રી સુનીલ અર્જુન પારવાણીએ તા. ૨૮.૦૨.૦૮ થી આજ દિન સુધી કનેક્શન મેળવેલ નથી. આમ, આ જગ્યામાં શરૂઆતથી શ્રી પિતામ્બરદાસ સીતલાણીના નામનું કનેક્શન ચાલું હતું. મિલકત વેચાયા બાદ નવા માલિકોના નામે કનેક્શન ટ્રાન્સફર થયેલ ન હતુ. હાલમાં બીનવારસી કનેક્શન બંધ કરી હંગામી વીજ કનેક્શન શ્રી સુનીલ અર્જુન પારવાણીને આપેલ છે. આ કનેક્શન દિન-૭ માં બંધ કરવા માંગણી કરેલ છે.

ફરિયાદી તરફે ફરિયાદીએ જાતે હાજર રહીને જણાવ્યું કે, તેઓ બાજુમાં સવાલવાળી જગ્યા આવેલ છે. તેના ઉપર સુનીલ અર્જુન પારવાણી, અમર અર્જુન પારવાણી તથા અર્જુન છતારામ પારવાણી મલ્ટી સ્ટોરી બીલડીંગ બનાવી રહ્યા છે. તેઓના પહેલાં આ જગ્યાના માલિક તારાબેન નંદલાલ બજાજ હતા. તેઓએ પોતાના નામનું વિદ્યુત કનેક્શન લીધેલ નહીં. તેમના પહેલાં પિતામ્બરદાસ સીતલાણીના નામનું કનેક્શન હતું. તે નામનું જ કનેક્શન લાંબા સમય સુધી ચાલુ રહેલ. મકાનના

માલિક બદલાયા છતાં વિદ્યુત કનેક્શનમાં નામ તબદીલ કરાવવામાં આવેલ નહીં. જેથી હાલમાં બીનવારસી કનેક્શન બંધ કરવામાં આવેલ છે અને હાલમાં શ્રી સુનીલ અર્જુન પારવાણીના નામનું હંગામી કનેક્શન આપેલ છે તે બંધ કરવા માંગણી કરેલ છે.

સામાવાળા તરફે શ્રી ડી. સી. કૌશિક હાજર રહ્યા અને જણાવ્યું કે; જૂનું મકાન તોડી તેની જગ્યાએ મલ્ટી સ્ટોરી બિલ્ડીંગ બનાવવામાં આવી રહ્યું છે. એમ.જી.વી.સી.એલ. ના કોઇ બિલ સદરહું રેસીડેન્સીયલ કનેક્શન માટેના બાકી નથી. ફરિયાદ મળતા કનેક્શન ચેક કરવામાં આવ્યુ અને તે અનઓથોરાઇઝડ તરીકે ગણી ઇલેક્ટ્રીસીટી એક્ટની કલમ-૧૨૬ મુજબનું ચેન્જ ઓફ ટેરિફ રેસીડેન્સીયલથી કોમર્શીયલનું બિલ રૂા. ૧,૪૪૧.૧૩ તા. ૦૧.૧૧.૧૪ ના રોજનું આપવામાં આવેલ. જે એક અઠવાડિયામાં ભરપાઇ થઇ ગયેલ છે. હંગામી વીજ કનેક્શન મેળવવા માટેના તમામ દસ્તાવેજ રજૂ કરવામા આવેલ. હંગામી કનેક્શન તા. ૧૪.૧૦.૧૪ ના રોજ આપવામાં આવેલ.

ફોરમના સભ્યો સુનવણી દરમ્યાન હાજર રહ્યા અને બન્ને પક્ષકારોને સાંભળ્યા અને તેઓના દસ્તાવેજી પુરાવાની ચકાસણી કરી. એમ.જી.વી.સી.એલ.ના એ સવાલવાળી જગ્યામાં આવેલ રેસીડેન્સીયલ કનેક્શન ના કોમર્શિયલ વપરાશ માટેનું ટેરિફ ચેન્જનું બીલ આપેલ છે. જે માલિકે ભરી દીધેલ છે. સવાલવાળી જગ્યામા આપેલ હંગામી કનેક્શન કાપવા માટે ફરિયાદીએ માંગણી કરેલ છે. ફરિયાદીની જગ્યાનો ઉપયોગ સવાલવાળી મિલ્કતના માલિકો કરતા હોઇ તેવોએ સીવીલ કોર્ટમાં રે.મુ.ન. ૯૯૮/૨૦૦૫ થી દાવો દાખલ કરેલ છે અને તેના આધારે હંગામી વિદ્યુત કનેક્શન બંધ કરવા માંગણી કરેલ છે. કાયદા મુજબ જ્યારે સીવીલ કોર્ટમાં કેસ ચાલુ હોય તો ફોરમને ફરિયાદ સાંભળવા હકુમત નથી. જેથી ફરિયાદીની ફરિયાદ સાંભળવા ફોરમને હકુમત નથી તેમ ઠરાવી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

ફરિયાદી શ્રી રાજેશભાઇ બચુભાઇ યાદવને હુકમ કરવામાં આવે છે કે; સવાલવાળી જગ્યા માટેનો કેસ સીવીલ કોર્ટ, વડોદરામાં રે.મુ.નં. ૯૯૮/૦૫ થી ચાલુ હોઇ હાલની ફરિયાદ સાંભળવા ફોરમને હકુમત નથી. તેથી ફરિયાદીની અરજી દફતરે કરવામાં આવે છે.

| (હર્ષા એસ. ચૌહાણ) | (પી. જે. પટેલ) |
|---|---|
| ઇન્ડીપેન્ડન્ટ મેમ્બર | ચેરપરસન |

આપને ફોરમના ઉપરોક્ત ઓર્ડરથી અસંતોષ હોય તો આપ સ્ટાફ ઓફિસર, ઇલેક્ટ્રીસીટી ઓમ્બડસમેન્ટની ઓફિસ, ગુજરાત ઇલેક્ટ્રીસીટી રેગ્યુલેશન કમીશન, બેરેક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. જીઇઆરસી નોટીફિકેશન ૨૦૧૫ ના નોટીફિકેશન નં. ૪ ના ચેપ્ટર નં. ૫ ના ક્લોઝ નં. ૧૩ મુજબ. ઓમ્બડસમેન્ટ સમક્ષ રજૂઆત કરી શકો છો.

<u>વિદ્યુત લોકપાલ સમક્ષ રજૂઆત કરવાની કાર્ય પદ્ધતિ:</u>

(૧) ફોરમના હુકમની તારીખથી ૩૦ દિવસની અંદર વિદ્યુત લોકપાલને રજુઆત કરવી આવશ્યક છે.

(૨) અરજી વિદ્યુત લોકપાલની ઓફિસે મોકલવી તથા તે અરજીની નકલ તમામ સામાવાળા પક્ષકારોને આપવાની રહેશે.

(૩) ફરિયાદીના નામ / સરનામા સાથે સહીવાળી લેખિત રજૂઆત કરવી.

(૪) રજૂઆત સોગંદનામા સહિત હોવી જરૂરી છે.

(૫) ફોરમ સમક્ષ કરેલ અરજી તથા ફોરમે કરેલ હુકમની ખરી નકલ બિડાણ કરવાની રહેશે. અરજી સાથે ખરાઇ (સર્ટીફાઇડ) કરેલ દસ્તાવેજો જોડવા જરૂરી છે.

(૬) ફોરમના હુકમ મુજબ ફરિયાદીને જો કોઇ રકમ ભરપાઇ કરવાની થતી હોય તો તે રકમના ત્રીજા ભાગની રકમ ભરપાઇ કરી તેના પુરાવા અરજી સાથે બિડવાના રહેશે.

(૭) સદર ફરિયાદ કોઇ પણ સક્ષમ ફોરમ અથવા કોઇ પણ કોર્ટ, ટ્રીબ્યુનલ, આરબીટ્રેટર, કે અન્ય કોઇ ઓથોરીટી સમક્ષ પડતર ન હોવી જોઇએ.

(૮) બધી જ રજૂઆતો પ્રથમદર્શીય નુકશાન અને અગવડતાના સંદર્ભમાં પુરતા અને વાજબી કારણોસરની હોવી જોઇએ.

(૯) રજુઆત અંગ્રેજી અથવા ગુજરાતી ભાષામાં કરી શકાશે.